ICE®

MIND MAP

# ભારતનો ઈતિહાસ

MIND MAP 03

# સિંધુ ખીણની સભ્યતા

## (હડપ્પા સભ્યતા)

**હડપ્પા સભ્યતા**

01 **અર્થવ્યવસ્થા**
કૃષિ, ઉદ્યોગો, વિદેશ વ્યાપાર

02 **સમાજ**
યોધ્ધાઓ, વિદ્વાનો, કારીગરો, વેપારીઓ

03 **સંસ્કૃતિ**
ધર્મ, કલા, સ્થાપત્ય

04 **રાજનીતિ**
વિવિધ વાદો, પ્રતિનિધિઓ, પુરોહિતો, વેપારીઓનું શાસન

05 **વિશેષતા**
વિશ્વને શહેરી સભ્યતાની ભેટ

➤ હડપ્પા સભ્યતા ઈ.સ.પૂર્વે 3500 થી ઈ.સ. પૂર્વે 1750 સુધીની માવામાં આવે છે.

➤ સિંધુ નદી અને તેમાં વિલિન થતી ઝેલમ, ચિનાબ, રાવિ અને સતલુજ નદીઓનો પ્રદેશ એ આપણા દેશની સંસ્કૃતિના ઐતિહાસિક યુગનો પુરાતન પ્રદેશ છે.

➤ આ પ્રદેશમાં પુરાતન સંસ્કૃતિ ખીલી હતી જેને સિંધુ ખીણની સભ્યતા કહેવામાં આવે છે.

## 1. અર્થવ્યથવસ્થા

➤ સૈન્ધવ સભ્યતાના લોકોનું મુખ્ય કાર્ય ખેતી અને વિદેશી વ્યાપાર હતો. જેના કારણે આ યુગની અર્થવ્યવસ્થા ઉન્નત અવસ્થામાં હતી.

➤ કાલીબંગાથી પ્રાપ્ત થયેલા ખેડેલા ખેતરો, ધોળાવીરાના જળાશયો, રેસાદાર જવ, સંકર જાતિનો કપાસ, બનાવલીથી મળેલા માટીના હળ વગેરે મળેલા પુરાવાઓને આધારે કહિ શકાય કે આ સભ્યતાના લોકોનો મૂળ આધાર ખેતી હતી.

➤ પશુપાલનનો પણ સારો વિકાસ થયેલો હતો. કૃષિ ઉત્પાદન તેમજ વ્યાપાર અને પરિવહનમાં પશુઓની મહત્વપૂર્ણ ભૂમિકા હતી.

➤ અહિં માટીકામ, કાપડ વણાંટનું કામ, ધાતુકામ, કડિયાકામ, સુથારીકામ, શિલ્પકામ, મણકાના અલંકારો બનાવવાનું કામ, હથિયાર બનાવવાનું કામ વગેરે ઉદ્યોગો પણ વિકસ્યા હતા.

➤ લોથલથી પ્રાપ્ત થયેલ ડોકયાર્ડથી સ્પષ્ટ થાય છે કે સૈંધવ સભ્યતાના લોકો વિદેશોમાં વ્યાપાર કરતા હતા.

➤ તેઓ મધ્યએશિયા, પર્શિયન અખાત, ઈરાન, બહેરીન, મેસોપોટેમીયા, મિશ્ર વગેરે સાથે વ્યાપારિક સંબંધો હતા. જેના પુરાવારૂપ લોથલથી મળેલી મહોરો છે.તથા મોહેં–જો–દડો થી મળેલી મેસોપોટેમીયાની મહોરો વિદેશી વ્યાપારની પુષ્ટી કરે છે.

## 2. સમાજ

➤ આ યુગનો સમાજ ચાર વર્ગોમાં વહેચાયેલો હતો.

(1) વિદ્વાનો, ધર્મગુરૂઓ, જ્યોતિષીઓ, વૈદ્યો

(2) સૈનિકો, યોધ્ધાઓ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) વેપારીઓ અને કારીગરો

(4) ખેડૂતો, નોકરો, મજૂરો તથા માછીમારો

- હડપ્પીયન સંસ્કૃતિમાં માતૃસત્તાક હોવાનો અંદાજ છે. તથા સામાજીક વ્યવસ્થાનો મુખ્ય આધાર પરિવાર હતો.
- સૈન્ધવ વાસીઓ શાકાહારી અને માંસાહારી બન્ને હતા. તેઓ મનોરંજન માટે નૃત્ય કરતા તથા શતરંજ રમતા અને શિકાર કરવા માટે જતા હતા.
- સૌંદર્ય પ્રસાધન અને આભૂષણોના પણ શોખીન હતા.
- ઉત્ખનન દરમિયાન મળેલા હથિયાર અને ઓજારથી એ અનુમાન લગાવી શકાય કે આ યુગના લોકો યુદ્ધનું જ્ઞાન પણ ધરાવતા હતા અને પોતાની રક્ષા કરવા સક્ષમ હતા.




## 3 . સંસ્કૃતિ

- ઉત્ખનન બાદ મળેલ મુદ્રાઓ ઉપરથી કેટલાંક વિદ્વાનો અહીં એક કરતા વધારે દેવોની પુજા કરતા હોવાનું માને છે.
- અહીં, મોટી સંખ્યામાં સ્ત્રીમુર્તિઓ પ્રાપ્ત થઈ છે. જેના આધારે કહિ શકાય કે માતૃદેવીની ઉપાસના કરતા હશે.
- આ ઉપરાંત અહીંના લોકો પ્રકૃતિની પૂજા કરતા હશે એવુ પણ માનવામાં આવે છે.
- અહીંના લોકો વ્યાપાર, વાણિજ્ય, કૃષી તેમજ શિલ્પ અને કલા પ્રિય હતા. કાંસાંની નર્તકીની મૂર્તિ તથા પૂરોહિતની મૂર્તિ તેનો પુરાવો પુરો પાડે છે.
- સ્થાપત્ય કલા, મૂર્તિકલા, નૃત્યકલા, ધાતુ ઉદ્યોગ, સોના, ચાંદી તથા તાંબાના આભૂષણો બનાવવા વગેરેમાં નિપુણતા ધરાવતા હતા.
- તેઓ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં પણ ખાસ્સો રસ ધરાવતા હોવાનું માનવામાં આવે છે. નગર આયોજન, ગટર વ્યવસ્થા વગેરે તેના ઉદાહરણ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 4. રાજનિતી

- આ સંસ્કૃતિની લિપિ ખુબ જ ગુઢ છે. જે અત્યાર સુધી વાંચી શકાય નથી. એટલે માત્ર અનુમાનો જ થઈ શકે છે.
- હન્ટરના મતે – જનતાંત્રિકો હશે.
- અર્નેસ્ટ મૈકે મતે – પ્રતિનિધિ વ્યવસ્થા હશે.
- સ્ટુઅર્ટ પિગ્ગટ મતે – પુરોહિતોનું શાસન હશે.
- વેપારીઓનું શાસન હશે તથા શાસન નગરપાલીકા જેવી વ્યવસ્થા હશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 5. વિશેષતા

- ➤ વિશ્વને સૌપ્રથમ નાગરિક કે શહેરી સભ્યતાની ભેટ આપી.
- ➤ જાહેર સ્નાનાગારની ભેટ.
- ➤ કાંસાની નર્તકીની ભેટ.
- ➤ વ્યવસ્થિત અને પૂર્વ આયોજિત નગર રચનાનો ખ્યાલ.
- ➤ સૌપ્રથમ રાજમાર્ગો અને ભૂગર્ભ–ગટર યોજનાઓ આપી.
- ➤ ચળકાટવાળા મણકાના ઘરેણાંની ભેટ.
- ➤ અનાજ સંગ્રહવાની પદ્ધતિ.

